# ચિલોડા સાદરા અને ડભોડા વડોદરા માર્ગના વાઈડનીંગ માટે દરખાસ્ત

ગાંધીનગર જિલ્લામાં માર્ગ સુધારણાને અનુલક્ષી નવા કામો હાથ ધરવા માટે ટુંકમાં આયોજન કરાશે. જેમા મુખ્યત્વે માર્ગ વાઈડનીંગના કામોનો પણ સમાવેશ થાય છે.ડભોડા વડોદરા તેમજ ચિલોડા સાદરા માર્ગનુ પણ વાઈડનીગં કરાશે આ માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જયારે દરખાસ્તની મંજુરીના અંતે કામગીરી હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત ૨૯ કરોડનો ખર્ચ કરાશે

ચોમાસાના અંતે શહેર જિલ્લામાં માર્ગ સુધારણાના નવા કામો હાથ ધરવા માટે આયોજન કરાશે. વરસાદના લીધે છેલ્લા ત્રણ મહીનાથી માર્ગ સુધારણાની કામગીકામ કામગીરી બંધ હતી. જયારે હવે શહેરમાં પણ રસ્તાઓની સુધારણાનુ કામ હાથ ધરાશે. જયારે જિલ્લામાં પણ માર્ગ વાઈડનીંગના કામોને અનુલક્ષી તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં ડભોડા વડોદરા માર્ગને ૫ : ૩૦ મીટરથી ૭ મીટર કરવા માટે પણ દરખાસ્ત કરવામાં આવી છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૨ કરોડનો ખર્ચ કરાશે. આ ઉપરાંત ચિલોડા સાદરા માર્ગને પણ ૫.૩૦ મીટરમાંથી ૭ મીટરનો કરવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. આ કામગીરી પાછળ પણ અંદાજિત રૂ ૧૭ કરોડનો ખર્ચ કરાશે. જો કે તંત્ર દ્વારા માર્ગના વાઈડનીંગ માટે કરવામાં આવેલી દરખાસ્તની મંજુરીના અંતે આ કામ હાથ ધરાશે. વરસાદી દિવસો દરમિયાન શહેર ઉપરાંત જિલ્લામાં પણ માર્ગોને નુકશાન થયુ છે. ત્યારે જિલ્લામાં રસ્તાઓના નવા કામોનુ પણ આયોજન કરાશે.



## કલોલ બાર એસોસિએશનનો સ્નેહ મિલન સમારોહ યોજાયો

કલોલ બાર એસોસિએશનનો સ્નેહ મિલન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ તબક્કે હાઈકોર્ટના ન્યાયમુર્તિ વી એમ પંચોલી, ગાંધીનગર જિલ્લા ન્યાયાધીશ આઈ જે વોરા, કલોલના એડિશ્નલ ડિસ્ટ્રીકટ જજ આર એમ વોરા ગુજરાત બાર કાઉન્સિલના શંકરસિંહ ગોહીલ, જિલ્લા સરકારી વકીલ હીતેશ એન. રાવલ, બાર કાઉન્સિલના સભ્ય કરણસિંહ વાઘેલા, કલોલ બાર એસોસિએશનના સમરસિંહ ચાવડા ઉપપ્રમુખ જયેશ બારોટ , રાજેશ દવે સહીત મોટી સંખ્યામાં વકીલો ઉપસ્થિત રહ્યા હતા. આ તબક્કે કલોલ તેમજ ગાંધીનગરમાં અદ્યતન અને સુવિધાયુક્ત કોર્ટ બિલ્ડીંગના નિર્માણ માટે પણ સરકારને રજુઆત કરવામાં આવી હતી.

# ડીપ પર પાણી ફરી વળતા કોલેજની બી.એ. અને એમ.એ.ની પરીક્ષા રદ

શામળાજી, તા. ૩

શામળાજી પંથકમાં મેઘરાજાએ ભારે તબાહી સર્જી છે. અનેક કાચા મકાનો ધરાશાયી થવાની સાથે ખેતરોમાં પાણી બન્યા છે. શામળાજી કોલેજમાં બી.એ. અને એમ.એ.ની સેમિસ્ટર પરીક્ષા રદ કરવા ફરજ પડી છે.

મેશ્વો ડેમ ઓવરફ્લો થતા સિવિલ હોસ્પિટલની અંદર ઘૂસી જવાથી દર્દીઓની હાલત કફોડી બની છે. પુલ ઉપર વાહન વ્યવહાર બંધ થવાથી આસપાસના અનેક ગ્રામોનો સંપર્ક તૂટી ગયો



ભરાતા ખેડૂતો પાયમાલ બન્યા છે, અનેક જર્જરિત મકાનો પડુ પડુ હાલતમાં છે. શામળાજી પંથકમાં અને ઉપરવાસમાં ભારે વરસાદના પગલે મેશ્વો ડેમ વારંવાર ઓવરફલો થવાથી મેશ્વો નદીમાં પૂરની સ્થિતિ પેદા થતા શામળાજી ડીપ પર ત્રણ દિવસથી પાણી ફરી વળતા અનેક ગામો સંપર્ક વિહોણા શામળાજી સિવિલ હોસ્પિટલ નજીક આવેલ ડીપ પર પાણી ફરી વળતા શામળાજી પંથકમાં ગ્રામ્ય વિસ્તારોનો જીવાદોરી સમાન માર્ગ બંધ થઈ જતા લોકો ભારે હાલાકી વેઠી રહ્યા છે. શામળાજી હાઈવેથી સિવિલ હોસ્પિટલ અને શાળામાં જવાનો રસ્તો સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. ઓવરફ્લોના પાણી છે, તેમજ હાઈસ્કુલ અને શાળામાં જતા આશરે ૮,૦૦૦ વિદ્યાર્થીઓના ભણતર પર ભારે જોખમ ઊભું થયું છે. હવે લોકોમાં હાઈવેથી સિવિલ તરફ જતા રસ્તા પર ઊંચો પુલ બનાવાની માંગ તીવ્ર બની છે, તો જોવાનુ રહશે કે સરકાર દ્વારા કેવા પ્રકારના પગલા લેવામા આવે છે.




## પાલનપુરમાં સ્વચ્છતા જાગૃતી રેલી યોજાઈ

પાલનપુરમાં વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી કરવા જઈ રહ્યા છે. જેના ભાગરૂપે આજરોજ વિદ્યામંદિર ખાતેથી સ્વચ્છતા રેલી યોજવામાં આવી હતી. જે શહેરના મુખ્ય માર્ગો ઉપર ફરી શાળાએ પરત આવી હતી. બનાસકાંઠાના પાલનપુર શહેરમાં આવેલી વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા શહેરમાં લોક ઉપયોગી અવનવા કાર્યક્રમો કરી લોકોમાં જાગૃતિ લાવી પ્રેરણાદાઈ કાર્ય કરવામાં આવે છે. તેજ રીતે પાલનપુર શહેરમાં મહાત્મા ગાંધીની પ્રતિમા ન હતી. જેથી વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા પાલનપુર જહાનારા બાગ ખાતે ગાંધીજીની પ્રતિમા તૈયાર કરવામાં આવી છે. જેનું આગામી ૨ ઓક્ટોમ્બરના રોજ ગાંધી જયંતીના દિવસે પ્રતિમાનું લોકાર્પણ કાર્યક્રમ યોજાનાર છે. જેના ભાગરૂપે પાલનપુર વિદ્યા મંદિર શાળા દ્વારા આજરોજ વિદ્યા મંદિર ખાતેથી સ્વચ્છતા જાગૃતિ રેલી યોજવામાં આવી હતી. આ રેલી વિદ્યામંદિરેથી શરૂ કરી શહેરના મુખ્ય માર્ગો ઉપર પરીભ્રમણ કરી પરત શાળાએ ફરી હતી. આ રેલીમાં શાળાના શિક્ષકો તેમજ સ્કાઉટ ગાઈડ સહીતના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# આકરૂન્દ તળાવ ઓવરફ્લો થતા ૧૦૦ થી વધુ ખેડૂતોના ઉભા પાકને નુકસાન



ધનસુરા, તા. ૩

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામે કવોરી ઉધોગની ખાણોના પાણીનો નિકાલ તળાવમાં થતો હોવાથી ખેડૂતોને નુકસાન થયું છે. આકરૂન્દનું તળાવ ઓવરફ્લો થતા ૧૦૦ થી વધુ ખેડૂતોના ઉભા પાકને નુકસાન થયું છે. આકરૂન્દ ગામના કમલેશભાઈ પટેલના ૧૨ વીઘા જમીનમાં મગફળીમાં ઢીંચણસમા પાણી ભરાવાથી મગફળીનો પાક નિષ્ફળ ગયો છે. આજ સુધી આ બાબતે રજુઆતો કરવામાં આવી છે છતાં તંત્ર ધ્વારા તળાવના ઓવરફ્લો પાણીનો યોગ્ય નિકાલ થતો નથી, પરિણામે ખેડૂતોના પાક નિષ્ફળ જાય છે. ગામના ખેડૂતોએ આ મામલે યોગ્ય નિકાલ માટે માંગણી કરી છે. સાથે યુજીવીસીએલ તંત્રના પણ ઓરમાયા વર્તનથી ખેડૂતોને મુશ્કેલી પડી રહી છે. આકરૂન્દના ખેડૂતોએ યિજીવીસીએલમાં ફરીયાદ કરી કેટલાય દિવસો વિતી જવા છતાં આજદિન સુધી વીજનો કોઈ નિકાલ થયો નથી જેના કારણે ખેડૂતોને આ તમામ મુશ્કેલીઓના કારણે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. વારંવાર રજૂઆતો છતાં આ તમામ બાબતોનું યોગ્ય નિરાકરણ ન આવતા ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે. આકરૂન્દના ખેડૂતોએ આ તમામ બાબતે ઝડપથી યોગ્ય નિકાલની માંગણી કરી છે.

# મેશ્વો નદીના કોઝ-વે પર ધમધસતા પાણીમાં પુરૂષ તણાયો

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લામાં મેઘરાજાએ ધબધબાટી બોલાવતા તમામ જળાશયો, નદી, નાળા



છલકાયા છે. ઉપરવાસમાં ભારે વરસાદના પગલે ડેમ ઓવરફ્લો થતા ડેમમાંથી સાવચેતીના ભાગરૂપે પાણી છોડવામાં આવી રહ્યું છે. મેશ્વો જળાશય ઓવરફ્લો થતા વેસ્ટવીયર પાણીમાંથી ભારે પ્રવાહ વહેતા મેશ્વો નદીમાં ગોડાપૂર આવતા બે કાંઠે વહી રહી છે. મોડાસાના ગઢા નજીકથી પસાર થતી મેશ્વો નદી પર બનાવેલા કોઝવે પર પાણી ફરી વળતા કોઝવે પરથી પસાર થતો પુરુષ તણાઈ જતા ભારે હોહા મચી હતી. વહીવટીતંત્રને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી સ્થાનિક તરવૈયાઓ પહોંચી મૃતદેહની શોધખોળ હાથ ધરી હતી.

મોડાસા તાલુકાના ગઢા ગામના વીરચંદભાઈ મગનભાઈ ચમાર કામકાજ અર્થે નીકળ્યા હતા ગઢા- અદાપુર રોડ પર મેશ્વો નદીના કોઝવે પરથી પસાર થતા ધમધસતા પાણીમાં તણાતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા. સ્થાનિકો બચાવે તે પહેલા વીરચંદ ભાઈ પાણીમાં ગરકાવ થઈ જતા સ્થાનિક તરવૈયાઓ અને વહીવટીતંત્રએ શોધખોળ હાથ ધરી હતી. મોડાસા મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી ગોપાલ પટેલ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. હિંમતનગરથી ફાયર બ્રિગેડની ટીમ તરવૈયા સાથે પહોંચી શોધખોળ હાથ ધરી છે. ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. ૬ કલાક સુધી મૃતકનો મૃતદેહ હાથ ન લાગતા સ્થાનિકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.



## વડગામના પસવાદળમાં રોડનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું

વડગામ તાલુકાના પસવાદળથી કોટડી રોડનું ખાત મુહુર્ત કરવામાં આવ્યું હતું. જેમાં પસવાદળ ગ્રામજનો દ્વારા ડેપ્યુટી સી.એમ. નીતિનભાઈ પટેલે વારંવાર આ રોડની રજૂઆત કરતા તેમણે ગ્રામજનોનું માન રાખી ખાસ યોજનામાં આ રોડ મંજૂર કર્યો હતો. જેને લઈ પસવાદળ ગામના વિશ્વ પ્રસિધ્ધ વિરપાનાથ વીર દાદાના મંદિર આગળ ખાત મુહૂર્ત ગામના અગ્રણી નરેન્દ્રભાઈ ઠાકરના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં ગામના આગેવાનો કાંતિભાઈ ઠાકર, તાલુકા પંચાયત સદસ્ય લક્ષમણભાઈ ચોધરી, મદારસિંહ રાજપૂત, રામસંગસિંહ સોલંકી, એસ.ટી. ડિવિજનના ડી.ઈ. રાણાભાઈ સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા.

# ધાનેરા નગરપાલિકામાં વિવિધ સમિતિના ચેરમેનોએ ચાર્જ સંભાળ્યો

ધાનેરા, તા. ૩

ધાનેરા નગરપાલિકા દ્વારા ટૂંક સમયમાં નવીન પ્રમુખની નિમણૂક કરાઈ જેમાં યુસુફભાઈ બેલીમની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. ત્યારબાદ કારોબારી સમિતિને પણ નિમણૂક કરવામાં આવેલ કારોબારી સમિતિમાં વિવિધ સમિતીના ચેરમેનની નિમણૂક આજરોજ કરવામાં આવેલ જેનો ચાર્જ સંભાળ્યો હતો. જેમાં વાહન વ્યવહાર સમિતિના ચેરમેન શ્રીમતી જગલબેન કાનાજી ઠાકોર સેનિટેશન સમિતિના ચેરમેન પ્રકાશભાઈ શામળાજી સુથાર મેહકમ વિભાગના ચેરમેન ખેતાભાઈ ભીલ સામાજિક વનીકરણ બાગાયત અને ગુમાસ્તાધારા સમિતિના ચેરમેન ઝરીનાબેન મુમતાઝભાઈ સોલંકી અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેન અંબાબેન જયંતીભાઈ બોઘુએ ચાર્જ સંભાળ્યો હતો. આમ નગરપાલિકાના વિવિધ સમિતિના ચેરમેને પોતાના ચારજ લઈને ધાનેરાના વિકાસની કામગીરી શરૂ કરી હતી.

# કોટેશ્વર કચ્છથી રામેશ્વરમ કોસ્ટલ હાઈવે પર કાર દ્વારા સાહસિક સફર

ગાંધીનગર, તા. ૩

અનેકતામાં એકતા અને પ્રકૃતિનો નિજાનંદ એ હેતુથી આવતી ૧૧ નવેમ્બરના રોજ ગુજરાતના ૧૨ સાહસિક વ્યક્તિઓ કચ્છના કોટેશ્વરથી છેક દક્ષિણમાં રામેશ્વરમ દરિયાઈ તટીય માર્ગ ઉપર કાર દ્વારા સાહસિક સફર ઉપર જશે. કુલ ૩૬૨૨ કિલોમીટર જવાના અને ૨૪૫૫ કિલોમીટર વળતી સફરના એમ કુલ ૬ હજારથી વધુ કિલોમીટરનો આ સાહસિક પ્રવાસ ૬ રાજ્યોમાંથી પસાર થશે.

દૈનિક ૬૦૦ કિલોમીટરના ટાર્ગેટ સાથે પ્રવાસ આગળ વધશે જેમાં પ્રથમ દિવસે કોટેશ્વરથી દ્વારકા, બીજા દિવસે દ્વારકાથી ભાવનગર, ત્રીજા દિવસે ભાવનગરથી પનવેલ, ચોથા દિવસે પનવેલથી પણજી, પાંચમા દિવસે પણજીથી કોઝીકોડ, છઠ્ઠા દિવસે કોઝીકોડથી કન્યાકુમારી અને સાતમાં દિવસે રામેશ્વરમ પહોંચશે. વળતી સફરમાં ટૂંકા માર્ગે રામેશ્વરમ બેંગ્લોર, કોલ્હાપુર, સુરત અને સુરતથી ભુજનો પ્રવાસ કરશે.

આ સાહસિક સફરમાં મુખ્ય આયોજક મૂળ કચ્છના અને હાલ સુરત સ્થાઈ ઉદયભાઈ અંતાણી સાથે અન્ય ૧૧ સાહસિક છે જેમાં ભુજના ધવલ પાઠક, વિરલ વોરા, શામજીભાઈ ખુંગલા, કુકમાથી કેતન ચૌહાણ, રાજુભાઈ આહિર, મુંબઈથી અમિત પાઠક, આદિપુરથી ભરત રૂપારેલ અને સુરતથી અલ્પેશ પટેલ, જી.પી. રઘુપતિ, જીતેન્દ્ર પટેલ અને સંજય વ્યાસ સામેલ છે.

### હળવે હૈયે

● ચોથા પાનાનું ચાલુ

અમારી કોમેન્ટ રેડઅંકલને સમજાઈ ગઈ એટલે એ પહેલાં તો કં ન બોલ્યા... પણ પછી ચીડપૂર્વક ઉવાચ : 'હું આ બાબત ગંભીરતાથી લઈ, સૌને પ્રતિજ્ઞા લેવડાવીશ કે 'સ્વચ્છતા અભિયાન' એટલે માત્ર પોતાનાં ઘર-આંગણાંની સફાઈ જ નહીં, ચોક-શેરી, ગામની સ્વચ્છતા માટે પણ આપણે જાગૃતિ બતાવવી પડશે... ઓ.કે. ?'

અમને લાગ્યું કે હવે વધુ કંઈ કહેવામાં જોખમ છે એટલે કહ્યું, 'અંકલ, આ વખતની નવરાત્રિ વિશે આપનું શું મંતવ્ય છે?'

'પનુભાઈ, ગ્રાઉન્ડ - મંડપ - સ્ટેજની રચના -ડેકોરેશન - લાઈટીંગ, ખેલૈયાઓનાં રંગબંરંગી અવનવા લેટેસ્ટ પરિધાન, નવાં ગરબા સ્ટેપ્સ એ બધું ખરું પણ આ વખતની નવરાત્રિની એક વિશિષ્ટતા એ છે કે પહેલા બે-ત્રણ દિવસ તો મેઘરાજાએ ઘરબા પાર્ટી પ્લોટોના આયોજકોને વગર ગરબા ગાયે ચકરાવે ચઢાવી દીધા હતા...'

'હેં ? હા - હોં !!'

'પણ પનુભાઈ, હવે બધું ગોઠવાઈ ગયું છે એટલે ગરબા જોવાની મજા પડે છે... આજે જવાના હોં તો મતારી ગાડીમાં મને ય લેતા જજો... ને હા... ચારેક ફ્રી પાસનું કરી આપો તો મારાં સાળી-સાઢુના ફેમીલીને ફોન કરી દઉં... એમાં એવું છે કે એ એમની ગાડી લઈને આવે તો તમારે મને તમારી સાથે ના લઈ જવો પડે... ખરું ને?'

'હેં ?' 'પારકા પૈસે પરમાનંદ' માં માનનારા અંકલને કયા એંગલથી ગાંધીજીના પગલે ચાલનારા કહેવા એ અમને હજી સમજાતું નથી.

### રેપો રેટ

● પહેલા પાનાનું ચાલુ

અમે વારંવાર રિવર્સ રેપોરેટ, રેપોરેટ, સીઆરઆર, એસએલઆર જેવા શબ્દો સાંભળીએ છીએ. બેંકોને પોતાના દરરોજના કામકાજ માટે એવી મોટી રકમની જરૂર હોય છે જેની અવધિ એક દિવસથી વધારેની હોતી નથી. આના માટે બેંક સામાન્યરીતે રિઝર્વ બેંકથી એક દિવસ માટે ઓવરનાઈટ લોન મેળવે છે. આ લોન ઉપર રિઝર્વ બેંકને તેમને વ્યાજ ચુકવવાની જરૂર હોય છે. જે વ્યાજ ચુકવવાની જરૂર હોય છે તેને રેપોરેટ કહેવામાં આવે છે. બીજી બાજુ રિવર્સ રેપોરેટ આનાથી બિલકુલ અલગ હોય છે. બેંકોની પાસે દિવસભર કામકાજ બાદ મોટી રકમ બચી જાય છે. બેંક આ રકમ રિઝર્વ બેંક પાસે રાખી શકે છે જેના ઉપર તેમને વ્યાજ મળે છે જે રકમ ઉપર આ વ્યાજ મળે છે તેને રિવર્સ રેપોરેટ કહેવામાં આવે છે. આવી જ રીતે તમામ બેંકો માટે જરૂરી હોય છે કે, તે પોતાની પાસેના કુલ કેશ રિઝર્વનો એક ચોક્કસ હિસ્સો બેંક પાસે જમા રાખે અને કેશ રિઝર્વ રેશિયો કહેવામાં આવે છે. મોનિટરી પોલીસી કમિટીની બેઠક ચોથી ઓક્ટોબરના દિવસે તેની બેઠકના પરિણામ જાહેર કરનાર છે. બજાર સાથે જોડાયેલા લોકો માની રહ્યા છે કે વ્યાજદરમાં ફરી એકવાર ઘટાડો કરવામાં આવનાર છે. આર્થિક વિકાસનો દર છ વર્ષની નીચી સપાટી પર પહોંચી ગયા બાદ હાલત કફોડી બનેલી છે. આર્થિક મંદીની સ્થિતીમાં સરકાર દ્વારા માર્કેટમાં તેજી લાવવા માટેના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. સ્થિર ફુગાવાના રેટ વચ્ચે આર્થિક વિકાસ દર નીચી સપાટી પર પહોંચી ગયો છે.

### ટ્રેનને લીલીઝંડી...

● પહેલા પાનાનું ચાલુ

રાજ્ય દેશના સૌથી વિકસિત ક્ષેત્ર પૈકી એક તરીકે બની શકે છે. શાહે દિલ્હી-કટડા વંદ બારત એક્સપ્રેસ જમ્મુ કાશ્મીરના વિકાસ અને ધાર્મિક પ્રવાસને પ્રોત્સાહન આપવા માટે મોટી ભેંટ તરીકે છે. શાહે એમ પણ કહ્યુ હતુ કે રેલવેને મહાત્માં ગાંધીની સાથે પોતાના સંબંધોના દસ્તાવેજીકરણ કરવાની જરૂર છે.કારણ કે તે સ્વતંત્રતા સંગ્રામની એક મહત્વપૂર્ણ કડી તરીકે છે. આજે કાર્યક્રમ વેળા શાહની સાથે રેલવે પ્રધાન પિયુષ ગોયલ અને કેન્દ્રિય મંત્રી ડોક્ટર જીતેન્દ્ર સિંહ અને હર્ષવર્ધન પણ હાજર રહ્યા હતા. ટ્રેન સંખ્યા ૨૨૪૩૯ નવી દિલ્હી-કટરા વંદે ભારત એક્સપ્રેસ નવી દિલ્હી રેલવે સ્ટેશનથી સવારે છ વાગે રવાના થનાર છે. સાથે સાથે બપોરે બે વાગ્યા કટરા પહોચનાર છે. ટ્રેન અંબાલા કેન્ટ, લુધિયાના અને જમ્મુ તવી ખાતે બે બે મિનિટ રોકાશે. ટ્રેન તમામ જગ્યાએ રોકાઈને શ્રદ્ધાળુઓને લઈને આગળ વધશે. વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ત્રણ વાગે કટરા રેલવે સ્ટેશનથી રવાના થશે અને રાત્રે ૧૧ વાગે નવી દિલ્હી પહોંચશે. આઠ કલાકમાં દિલ્હીથી કટરા પહોંચી શકાશે.

### આતંકી ઘુસ્યા...

● પહેલા પાનાનું ચાલુ

જ શહેરમાં ઘુસી ગયા છે. જમ્મુ કાશ્મીરને ખાસ રાજયનો દરજ્જો પરત લઈ લેવામાં આવ્યા બાદ ત્રાસવાદીઓ અને પાકિસ્તાન સરકાર હચમચી ઉઠી છે. તેમના દ્વારા દ્વારા સતત નાપાક હરકત કરવામાં આવી રહી છે. સુત્રોના કહેવા મુજબ પાટનગરમાં જે ચાર ત્રાસવાદીઓ ઘુસી ગયા છે તેમાં બે વિદેશી ત્રાસવાદીઓ છે. ગુપ્ત સમાચાર મળ્યા બાદ દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે બુધવારની રાત્રે શહેરના નવ સ્થળો પર દરોડા પાડ્યા હતા. બેને પુછપરછ માટે કસ્ટડીમાં લેવામા આવ્યા છે. આવવાર દિવસોમાં તહેવારની સિઝન વધારે જોરદાર બની રહી છે ત્યારે ખતરો વધી ગયો છે. દિલ્હીમાં તમામ સ્થળો પર સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી છે. ખાસ કરીને ધાર્મિક સ્થળો, સિનેમા હોલ, અને માર્કેટમાં સુરક્ષા વ્યવસ્થાને મજબુત કરી દેવામાં આવી છે. વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર હિટલિસ્ટમાં છે. ત્રાસવાદીઓની ઘુસણખોરી અંગે માહિતી મળ્યા બાદ જુદા જુદા વિસ્તારમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે જેમાં સિલમપુર, જામિયાનગરનો સમાવેશ થાય છે. જુદા જુદા વિસ્તારમાં દરોડા દરમિયાન શખ્સો પર નજર પણ રાખવામાં આવી હતી. પહાડગંજ નજીક સેન્ટ્રલ દિલ્હીની બે જગ્યાઓ ઉપર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. હાલમાં જ જણાવવામાં આવ્યું હતું કે, સંભવિત ત્રાસવાદી ખતરાને ધ્યાનમાં લઈને દિલ્હીમાં ચાર સુરક્ષા સંસ્થાઓની સુરક્ષા વધારી દેવામાં આવી છે. એલર્ટના લેવલને વધારીને ઓરેન્જ કરી દેવામાં આવ્યું છે. ગુપ્તચર અહેવાલ ઈશારો કરી રહ્યા છે કે, જૈશના ત્રાસવાદીઓ વડાપ્રધાન મોદી અને એનએસએ અજીત દોભાલને ટાર્ગેટ કરવા માટે ખાસ ટુકડી બનાવી ચુક્યા છે.

### અનોખો ઉત્સાહ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગરબામાં જોડાય છે. રોજ રાત્રિના સેકટરોમાં ગરબાની રમઝટ જામે છે. શહેરમાં નવરાત મહોત્સવ મધ્યાંતરે પહોંચ્યો છે.ત્યારે સંસ્થાકીય નવરાત્રિ મહોત્સવમાં પણ ખેલૈયાઓ મનમુકીને ગરબે ઘુમી રહ્યા છે. રાત્રિના સમયે ગરબા મેદાનમાં મંચ પરથી રજુ થતા વૈવિધ્યસભર ગરબા રજુ કરી માતાજીની ભકિત આરાધના કરવામાં આવે છે. દિવ્ય અને ભવ્ય માહોલ વચ્ચે ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ અને અવનવા સ્ટેપ્સ સાથે ગરબે ઘુમતા ખૈલેયાઓ પણ ગરબા રસિકોમાં આકર્ષણનુ કેન્દ્ર બન્યા છે. નવરાતના પ્રારંભે બે દિવસ આમ જ જતા રહ્યા હતા. જયારે વરસાદી વાદળો વિધ્નરૂપ બનતા ખૈલેયાઓ હવે એક મિનિટ પણ બગાડવાના મુડમાં નથી.

### માર્ગ સુધારણા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખરાબ થઈ છે. વરસાદી દિવસો દરમિયાન પણ માર્ગોનુ ધોવાણ થતા રસ્તાઓ ઉબડ ખાબડ જોવા મળી રહ્યા છે.

શહેરના માર્ગોની દશા બેઠી છે. મુખ્ય ઘ અને ચ માર્ગ પર પણ વરસાદી પાણીના ભરાવાના લીધે ઠેર ઠેર ડામરની કપચી ઉખડી ગઈ છે. જેના લીધે રસ્તાઓનુ ધોવાણ થયુ છે જયારે કેટલાક ઠેકાણે ગાબડા પુરવા માટે થાગડ થીગડ કરવામાં આવ્યુ છે. જુના સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ હજુ ઠેકાણુ પડયુ નથી. જુના સેકટરોના માર્ગોની દશા સુધારવા માટેની દરખાસ્ત હજુ પણ વિભાગ કક્ષાએ પેન્ડીંગ છે. જયારે સે-૬ થી ૮ ના રીંગ રોડની સુધારણાનુ કામ અગાઉ પુર્ણ કરી દેવાયુ હતુ. જયારે હવે સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હવે હાથ ધરાશે. આ કામગીરી પાછળના ખર્ચને પણ મંજુરી આપી દેવામાં આવી છે.જયારે આગામી દિવસોમાં નવરાતના અંતે નવા સેકટરોના આંતરિક રસ્તાઓની સુધારણાનુ કામ પણ હાથ ધરી દેવાશે. જો કે વરસાદી દિવસોના અંતે શહેરમાં રોડ નેટવર્ક વિશેષ પ્રભાવિત થયુ છે .ત્યારે આગામી દિવસોમાં રસ્તાની નુકશાનીનો અંદાજ ધ્યાને લઈ નવા કામોનુ પણ આયોજન કરાશે.